# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૨



શાંત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,
ઉપશમરસ-અવતાર જ્ઞાનસાગર ઊછળે અંતરમાં.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ તારો આત્મા જ્ઞાનમય છે, તેના ભાવને જ્યાં સુધી નથી દેખ્યો ત્યાં સુધી ચિત્ત બિચારું દગ્ધ અને સંકલ્પ-વિકલ્પ સહિત અજ્ઞાનરૂપ વર્તે છે. ૧૨૮૧. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૫૬)*

❀ જીવોંકે મનરૂપી દૈત્યકા દુર્વિચિંત્ય હૈ—કિસીકે ચિંતવનમેં નહિ આ સકતા. ક્યોંકિ યહ અપની ચંચલતાકે પ્રભાવસે દશોં દિશાઓંમેં દૈત્યોંકે સમૂહમેં, ઈન્દ્રકે પૂરોંમેં, આકાશમેં તથા દ્વીપસમુદ્રોંમેં વિદ્યાધર મનુષ્ય દેવ ધરણીન્દ્રાદિકે નિવાસસ્થાનોંમેં તથા વાતવલયોં સહિત તીન લોકરૂપી ઘરમેં સર્વત્ર આધે ક્ષણમેં હી ભ્રમણ કર આતા હૈ. ઈસકા રોકના અતિશય કઠિન હૈ. જો યોગીશ્વર ઈસે રોકતે હૈં વે ધન્ય હૈં. ૧૨૮૨. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૩૪)*

❀ જ્યારે શરીર કોઈ અસાધ્ય રોગથી અથવા વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઈ જાય, દેવ-મનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે, કોઈ મહા દુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય અથવા ધર્મનો નાશ કરવાવાળા કોઈ વિશેષ કારણ આવી મળે ત્યારે પોતાના શરીરને પાકી ગયેલા પાન સમાન અથવા તેલરહિત દીપક સમાન આપોઆપ વિનાશસન્મુખ જાણી, સંન્યાસ ધારણ કરે. ૧૨૮૩. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક-૧૭૮)*

❀ બંધન સમાન કોઈ દુઃખ નથી અને છૂટવા સમાન કોઈ સુખ નથી. બંધનથી બંધાયેલ પશુ પણ છૂટવા ઈચ્છે છે અને જ્યારે તે છૂટે છે ત્યારે સુખી થાય છે. આ સામાન્ય બંધનના અભાવથી પણ પશુ સુખી થાય છે તો કર્મ–બંધનના અભાવથી જ્ઞાનીજન પરમ સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે! ૧૨૮૪. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ અધિ.-૨, ગાથા-૫)*

❀ આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બંને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના (વસ્તુ)નો નાશ થઈ જશે. ૧૨૮૫. *(શ્રી સમયસાર, ગાથા-૧૨નો ઉદ્ધૃત શ્લોક)*

*

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૬
અંક-૧૧

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૮

July
A.D. 2012









પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૯મી જન્મજયંતી પ્રસંગે

ધર્મરત્ન, પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની
પ્રવચનવાટિકામાંથી વીણેલાં





# આત્મસૌરભયુક્ત ચંપાપુષ્પો






❀ અહો! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે, આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.

પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારેબાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે, તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

❀ પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ.

❀ જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલા લાગે છે, પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.

❀ ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ—જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન', 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે.

❀ પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય

ક્યાંથી થાય? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. ‘કરીશ, કરીશ’ કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય તે જો સૂતા હોય તો બેઠા થાય નહિ અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો ‘કાલે કરીશ, કાલ કરીશ’ એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય.



❀ જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.



❀ વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં ‘આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું’ તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, ‘હું જુદો, હું આ જ્ઞાયક જુદો’ એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે.



❀ ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.



''तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्॥''



જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

❀ જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય છે તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય પણ તે પાડોશીને પોતાનો માની લેતો નથી, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વ પરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.



❀ 'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.'—એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ—મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.



❀ સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર! તું વિષયોમાં શા માટે ઝાવાં નાખે છે? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી. અંદર અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડ્યું છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ.



❀ ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા કોઈ જુદી જ છે, અનુપમ છે.

❀ શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.

❀ એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગદશા ન પ્રગટી! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલન કષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન—કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.



❀ જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા—આતુર હોય છે. અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.



❀ જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે.



❀ મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં—તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.



❀ સંસારથી ભયભીત જીવોને કોઈપણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે? તે એમ વિચારે કે ગુરુ કહે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.



❀ દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે.



❀ ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ શુદ્ધ ચૈતન્યની ભાવના છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે.



❀ 'હું છું ચૈતન્ય.' જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભા ઊભા બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે; પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતા શાન્તિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાન્તિ રહે છે.

❀ અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે' 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.



❀ તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ અનંત અદ્‌ભુત

આત્માને—પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.

❀ આત્મા તો નિવૃત્તિસ્વરૂપ—શાન્તસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.

❀ બધાએ એક જ કરવાનું છે :—દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.

❀ સ્વરૂપ તો સહજ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર તે દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને?

❀ શુભાશુભભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણી પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.

અબરખના પડ કેવાં પાતળા હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારાવડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદા જ છે તેમ.

















પ્રશ્ન :—સોનું તો ચળકે છે એટલે પત્થર ને તે બંને જુદા જણાય છે પણ આ કઈ રીતે જુદા જણાય?

ઉત્તર :—આ જ્ઞાન પણ ચળકે જ છે ને? વિભાવભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે—જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?

જેમ સાચાં મોતી ને ખોટા મોતી ભેગાં હોય તો મોતીનો પારખું એમાંથી સાચાં મોતીને જુદા પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું—એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે—સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.

❀ જીવને જે અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંતકાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને? અટકવાના તો અનેક પ્રકાર, સફળ થવાનો એક જ પ્રકાર—ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

❀ દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભભાવની મીઠાશમાં રોકાઈ

જાય છે. 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ,—બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઈત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.



ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દૃષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડા જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું'—એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી.



❀ શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું, 'સર્વગુણાંશ તે સમકિત'—અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.



જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે—એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે.



નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંત) તો જુદાં જુદાં ને આ તો એક



જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમજ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.

❀ અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.



પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે જ થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.



પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર—જ્ઞાયક ઉપર—દૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય,' 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર—તળ ઉપર—દૃષ્ટિ સ્થાપ ને!

પરિણામ તો થયા જ કરશે. પણ આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા—એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં—પલટતાં અંશમાં—દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને!



જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ?

અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ—અપરિણામી અભેદ એક દળ—તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદૃષ્ટિ થઈ જઈશ.

❀ ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારા ગુરુના વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.

હે શુદ્ધાત્મદેવ! તારા શરણે આવવાથી જ પંચપરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાંતિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે.

હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.

❀ બાહ્યદષ્ટિથી કાંઈ અંતર્દષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું, મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર....વારંવાર એમ કરતાં...કરતાં...કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં... જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર જ તારી દષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય.

❀ અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર—સાચા જ્ઞાન વગર—સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.





શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવા આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.

❀ મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાની સત્સ્વરૂપની શોધ ચાલું રહે એવી રીતે જોડાય. શુદ્ધતાનું ધ્યેય છોડીને શુભનો આગ્રહ ન રાખે.



વળી તે 'હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ જાય—સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે; શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે.

❀ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિના નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી જ રહે છે.





❀ કોઈ એકાંતમાં વસનાર—એકાંતપ્રેમી—માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ!! અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.



❀ ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું.

❀ જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.

❀ મુનિને સંયમ, નિયમ ને તપ—બધામાં આત્મા સમીપ હોય. અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો....ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?



તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.

લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.



અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ વિશેષ મંદ પડી જાય.


—આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે.



❀ મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે. અનંતકાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણીવાર કર્યાં, પણ વિવિધ શુભભાવો કરી તેમાં સર્વસ્વ માની ત્યાં સંતોષાઈ ગયો. કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.




❀ જોકે દૃષ્ટિ અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપ વેદાય છે અને વીતરાગતા-અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્ય પરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં—પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં—દુઃખ ન લાગે અને અંદરમાં—વીતરાગતામાં—સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ




કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે—વિભાવનો અંશ તે દુઃખરૂપ છે; ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે.

❀ જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહીં; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય.



❀ ભગવાનનાં પ્રતિમા જોતા એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો! જેવો ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.

❀ રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈત્યનની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત—અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.



પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્ય મહિમા સમજવામાં નિમિત્ત થાય છે.

❀ મુનિરાજ વંદન-પ્રતિક્રમણ આદિમાં માંડમાંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.



❀ જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈપણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું—એમ સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં ‘હું જ્ઞાયક છું’ તે પ્રકાર મૂળભૂત છે.

❀ વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.



❀ જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજું બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.



❀ દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને ત્યાં અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે?

❀ એકાંતે દુઃખના બળે છૂટો પડે એમ નથી પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય પણ આત્માને ઓળખ્યા વિના—જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો જ છૂટો પડે.



❀ ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.

❀ આત્માર્થીને શ્રીગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું—એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.



❀ બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.

❀ આ ગૂંચ તો ઊકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઊકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.



❀ અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ અન્ય સાથે તારે શું કામ છે?



જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી—એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ તે પણ પરમાર્થે હેય છે તો પછી અન્ય પદાર્થો કે અશુભભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરી ફરીને આપના

પાદપંકજની ભક્તિ હો'!—આવા ભાવ સાધકદશામાં આવે છે અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.

❀ જ્યાં સુધી સામાન્ય તત્ત્વ—ધ્રુવ તત્ત્વ—ખ્યાલમાં ન આવે ત્યાંસુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ—દ્રવ્યસામાન્યનો જ—ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું—'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી—ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જોકે સાથે વર્તતું જ્ઞાન બધાનો વિવેક કરે છે તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે.

❀ મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકમાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ' આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે કારણ કે વસ્તુમાં અનંતાભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઈત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.

❀ મારે કાંઈ જોઈતું નથી, એક શાંતિ જોઈએ છે, ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં—એમ અનંત અનંતકાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે.—આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ.











❀ રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.

સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે—એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.



❀ ચક્રવર્તી અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ—કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહી આદરતા—એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી ઉપસર્ગ-પરિસહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને? માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહીં જાય, ઊલટાનો પરમ પદાર્થ—આત્મા—પ્રાપ્ત થશે.





❀ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

❀ જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો

રહીને તું પુરુષાર્થ કર; તારા જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાફા મારવાથી સુખ નહિ મળે.



❀ પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.



❀ સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય. ‘સ્વભાવ’ શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.



❀ અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે. શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને ‘સાંભળ્યા જ કરીએ’ એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.



❀ અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ, કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય પણ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.

❀ ‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં જાણવાનાં પડખાં છે. ‘હું જ્ઞાયક છું, બાકી બધું



પર’—આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે.

❀ પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે—એ ખટક સાથે જ રહેવી જોઈએ.

❀ ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

❀ ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે; રસબસતી વાણી છે.

❀ આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક ‘અચંબો’ છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

❀ સમ્યગ્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી





પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.

❀ આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું.

❀ શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.

* * *

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત



# છઢાળા અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૨ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ - છઢાળા : બીજી ઢાળ

પરીક્ષાર્થીનું નામ : ............................................... ઉંમર : ..........

મંડળનું નામ : ............................................ ગામનું નામ : ...............

ફોન નં.: ............................................... તા. ૨૩-૦૬-૨૦૧૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર છઢાળા આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર કડી સાથે લખો. (૧૨)**

(૧) ગ્રંથકારે સંસાર (ચતુર્ગતિ)માં પરિભ્રમણનું કારણ શું બતાવ્યું છે ?
(૨) ગ્રંથકારે અગૃહીત મિથ્યાદર્શનનું શું સ્વરૂપ (લક્ષણ) બતાવ્યું છે ?
(૩) ગ્રંથકારે અગૃહીત મિથ્યાજ્ઞાનનું શું સ્વરૂપ બતાવ્યું છે ?
(૪) ગ્રંથકારે અગૃહીત મિથ્યાચારિત્રનું શું સ્વરૂપ બતાવ્યું છે ?
(૫) ગ્રંથકારે કુદેવનાં શું લક્ષણો અને સ્વરૂપ બતાવ્યાં છે ? કુદેવની સેવા કરવાનું શું ફળ મળે છે?
(૬) ગ્રંથકારે કુધર્મના શું લક્ષણો અને સ્વરૂપ બતાવ્યાં છે ? તેના સેવનથી શું ફળ મળે છે?
(૭) ગ્રંથકારે ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ શું બતાવ્યું છે ?
(૮) ગ્રંથકાર બીજી ઢાળના અંતમાં શું ઉપદેશ આપે છે?

**પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી કોઈપણ છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)**

(૧) પ્રયોજનભૂત તત્ત્વ (૨) ચિન્મૂરત (૩) અનૂપ (૪) ગૃહીત મિથ્યાત્વ (૫) અગૃહીત મિથ્યાત્વ
(૬) નિરાકુલતા (૭) રતિ-અરતિ (૮) નિસર્ગ (૯) કુલિંગ

**પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)**

(૧) મિથ્યાદૃષ્ટિનો શરીર તથા પરવસ્તુ સંબંધી વિચાર. (૨) આસ્રવ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન. (૩) મોક્ષ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન. (૪) કુગુરુનાં લક્ષણ અને તેમને માનવાનું ફળ. (૫) કુશાસ્ત્રનાં લક્ષણશ્

**પ્રશ્ન : ૪ છઢાળાની બીજી ઢાળમાં પૂજ્ય ગુરુદેવશ્રી સાત તત્ત્વો સંબંધી ભૂલને કઈ રીતે રીતે સમજાવે છે?**

(આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ-વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે લખવો.) ૧૧

## શ્રી જૈન સ્વાધ્યાયમંદિર જિર્ણોદ્ધાર

આપણા તારણહાર પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યાં ૪૨ વર્ષ સુધી નિવાસ કર્યો અને શ્રુતની ધારા વરસાવી તે શ્રી જૈન સ્વાધ્યાયમંદિર મુમુક્ષુઓ માટે ખરેખર એક ભવ્ય તીર્થસ્થાન બની ગયું છે. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીનું ભક્તો દ્વારા નિર્માપિત આ પ્રથમ આયતન છે. એવા શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના જિર્ણોદ્ધારનું કામ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલ પ્રભાવના ઉદયે સુચારુરૂપે ચાલી રહ્યું છે. સ્વાધ્યાયમંદિરની છતના નવા પાટીયા લગાવવાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. પાટીયા ઉપર સ્વાધ્યાયમંદિર માટે ખાસ તૈયાર કરાવવામાં આવેલા એલ્યુમીનિયમના પતરા લગાવવામાં આવ્યા છે, એની ઉપર મેંગલોરી નળીયા લગાવવાનું કામ ચાલી રહ્યું છે. એ પછી અંદરના ચિત્રો, સૂત્રો તથા અંદર-બહાર રંગનું કામ કરવામાં આવશે.

શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનના ૭૫મા વર્ષમાં ત્રિદિવસીય હીરક મહોત્સવ કારતક સુદ-૨ તા. ૧૫-૧૧-૨૦૧૨ ને ગુરુવારથી કારતક સુદ-૪, તા. ૧૭-૧૧-૨૦૧૨ને શનિવાર સુધી ઊજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ તથા જિર્ણોદ્ધારનો લાભ શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા(શાહ) પરિવાર, ઘાટકોપરને મળેલ છે. આ મહોત્સવ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઊજવવામાં આવશે. આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

---

## અમેરીકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩મી જન્મજયંતી તથા ચાર દિવસની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

અમેરીકાના ફ્લોરીડા રાજ્યના ટેમ્પા શહેરમાં મે ૨૫ થી ૨૮, ૨૦૧૨ પર્યંત ચાર દિવસની આધ્યાત્મિક શિબિર તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩મી જન્મજયંતીનો પ્રસંગ ભવ્ય રીતે સંપન્ન થયો.

વેસ્ટીન હોટેલ્સ એન્ડ રીસોર્ટ (ફાઈવસ્ટાર હોટેલ્સ)માં આ કાર્યક્રમનું સુંદર આયોજન થયેલ. સમગ્ર અમેરીકામાંથી તથા ભારતથી સાધર્મી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી ઉલ્લાસભેર આ પ્રસંગનો લાભ લીધેલ. ભારતથી નિમંત્રિત વિદ્વાન સ્કોલરોએ ચાર દિવસની શિબિરનું સંચાલન કરેલ. બાળકો માટે સમાંતર વર્ગોનું આયોજન થયેલ. તે ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, જ્ઞાનગોષ્ઠી, બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવેલ.

૧૨૪મી જન્મજયંતી તથા ૨૦૧૩ દરમ્યાન શિબિરના આયોજનની જાહેરાત હવે પછી કરવામાં આવશે. વધુ વિગત માટે સંપર્ક

હસમુખ મ. શાહ **hasmukh33@yahoo.com**

સમીર શાહ **samirmrr@yahoo.com**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

✻ **મંગલ પત્રિકાલેખન વિધિ :–**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૯૯મા વાર્ષિક જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧-૭-૨૦૧૨ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં સામુહિક પૂજન પછી સર્વે મુમુક્ષુઓ ઉત્સવ આયોજક શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના નિવાસસ્થાને ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક પત્રિકાને પરમાગમમંદિરમાં લાવવામાં આવી, ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન તથા પત્રિકા-લેખન ભક્તિમય વાતાવરણમાં થયું હતું.

✻ **રક્ષાબંધન પર્વ :–**શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨-૮-૨૦૧૨, ગુરુવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

✻ **જ્ઞાનવૈભવ–પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ :–**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૬-૮-૧૨ ગુરુવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૧૦૫મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

### કાર્યકરોની મીટીંગ

**પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીનો જન્મશતાબ્દી મહોત્સવ ટ્રસ્ટે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવવાનું નક્કી કર્યું છે. એની ચર્ચા–વિચારણા માટે કાર્યકરોની એક મીટીંગ આપણી સંસ્થાના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં તા. ૨–૮–૧૨ના રોજ રાત્રે ૧૦–૦૦ વાગે પરમાગમમંદિરમાં રાખવામાં આવેલ છે. સર્વે કાર્યકરોને મિટિંગમાં હાજર રહેવા વિનંતી છે.**

**વઢવાણનિવાસી શ્રી રમણીકલાલ લાલચંદ દોશી પરિવાર—ઘાટકોપર**

**હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી દ્વારા**

***અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર***

***પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની***

# ૯૯મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૯૯મી જન્મજયંતી આ વર્ષે વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, ઘાટકોપર હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના સૌજન્યથી અતિ આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૯મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૩૦-૭-૨૦૧૨, સોમવાર થી તા. ૩-૮-૨૦૧૨, શુક્રવાર—પાંચ દિવસ સુધી શ્રી ચૌસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૮-૭-૨૦૧૨થી તા. ૧૬-૮-૨૦૧૨—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

**નિમંત્રક :**

**શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, ઘાટકોપર**
**હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી તથા**
**જન્મજયંતી મહોત્સવના સ્થાયી નિમંત્રકોના**
**જય જિનેન્દ્ર**

નોંધ :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૭-૨૦૧૨ રવિવારના દિવસે સાનંદ સંપન્ન થઈ.

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૨
અંક-૧૧ ❋ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org